# ફોજદારી કાર્યવાહી હોય તો પણ પેન્શનને રોકી શકાય નહીં : સુપ્રીમ કોર્ટ

ન્યાયમૂર્તિ કે એસ રાધાકિશ્નનન અને ન્યાયમૂર્તિ એ કે સિકરીની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે બોનસ અને ગ્રેચ્યુઈટી બક્ષિસ નથી. કર્મચારીને આ લાભો તેની લાંબી, સતત, વિશ્વાસપાત્ર અને દોષરહિત સેવાના બદલામાં આપવામાં આવે છે. ખંડપીઠે વધુમાં જણાવ્યું હતું કે ભારતના બંધારણી કલમ ૩૦૦ એની જોગવાઈઓ મુજબ કાયદાકીય પ્રક્રિયાને અનુસર્યા વગર કર્મચારીના આ અધિકારને ઝૂંટવી શકાય નહીં. ઝારખંડ સરકારની અપીલ ફગાવી દેતા કોર્ટે આજે ચુકાદો આપ્યો હતો.

ઝારખંડ સરકારના નિવૃત્ત કર્મચારી જિતેન્દ્રકુમાર શ્રીવાસ્તવ વિરુદ્ધ ગુનાહિત કેસો ચાલતા હોવાથી રાજ્ય સરકારે તેને પેન્શન અને ગ્રેચ્યુઈટીના લાભો રોકી રાખ્યા હતાં. કર્મચારીએ હાઈકોર્ટમાં અરજી કરતા હાઈકોર્ટે સરકારને આ લાભો આપવાનો આદેશ આપ્યો હતો. આ આદેશને પડકારવા ઝારખંડ સરકારે સુપ્રીમમાં અરજી કરી હતી. સુપ્રીમ કોર્ટની ખંડપીઠે જણાવ્યું હતું કે અમારા મતે અરજકર્તા શ્રીવાસ્તવ બંધારણી કલમ ૩૧ (૧) અનુસાર પેન્શન અને ગ્રેચ્યુઈટી મેળવવાનો અધિકાર ધરાવે છે અને માત્ર રાજ્ય સરકારના આદેશથી આ કર્મચારીના આ અધિકારને રોકી શકાય નહીં.

ખંડપીઠે વધુમાં જણાવ્યું હતું કે બંધારણની કલમ ૩૦૦ એ અનુસાર કાયદાકીય ઓથોરિટીની મંજૂરી વગર વ્યક્તિને તેના પેન્શનથી વંચિત રાખી શકાય નહીં. પેન્શન ઉપરાંત ગ્રેચ્યુઈટી તથા રજાઓનું રોકડમાં રૂપાંતર જેવા લાભોથી પણ વંચિત રાખી શકાય નહીં.